# ફાજલ શિક્ષકોને રક્ષણ માટે કાર્યવાહી ન થતા ભારે રોષ

અમદાવાદ,તા. ૨૫

નવીદિલ્હી સરકારે કોન્ટ્રાક્ટ પર કામ કરનારા કર્મચારીઓને કાયમીનો અધિકાર આપવાની સરકારી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જ્યારે બીજી બાજુ ગુજરાતમાં ફાજલ થનારા શિક્ષકોને રક્ષણ આપવાના વર્ષો જુના પ્રશ્નોના નિરાકરણ કરવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં દિલ્હી સરકારની કર્મચારીઓ પરત્વની કામગીરી અને ગુજરાતમાં ફાજલ શિક્ષકો મામલે દત્તન નહીંવત કામગીરીને લઈને શિક્ષકોમાં ગણગણાટ શરૂ થઈ ગયો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા ખાસ પેકેજ જાહેર કરીને અનામત આંદોલનને શમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જો કે, ૧૯૯૮ પછી નિમણૂંક પામેલા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને કાયમી રક્ષણની અપેક્ષા આજ સુધી સંતોષવામાં આવી નથી. અનામત આંદોલન બાદ જાહેર કરાયેલા પેકેજના પગલે ફાજલ શિક્ષકોના રક્ષણ માટે પણ રાજ્ય સરકાર કોઈ નક્કર જાહેરાત કરે તેવી અપેક્ષા કેળવણીકારો દ્વારા રાખવામાં આવી હતી. જો કે, શિક્ષકો અને કેળવણીકારોની આ આશા પણ ઠગારી નિવડી રહી હોવાની માન્યતા દ્રઢ બની રહી છે. ફાજલ શિક્ષકોને રક્ષણ આપવા માટે શિક્ષક સંઘોએ અનેકવાર શિક્ષણ વિભાગને મૌખિક અને લેખિતમાં રજૂઆતો કરી છે. અનેક વખત રજૂઆતો કરી હોવા છતાં પણ ફાજલ શિક્ષકોના મામલે શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો નથી.

બીજી તરફ નવી દિલ્હીની સરકારે તાજેતરમાં જ કોન્ટ્રાક્ટ પર કામ કરનારા ૫૦૦૦૦ કર્મચારીઓને કાયમી પ્રક્રિયા હાથ ધરીને સમુચિત નિર્ણય લીધો હોવાનું ગુજરાતના શિક્ષકો માની રહ્યા છે. આ સ્થિતિમાં ગુજરાતના શિક્ષકો નવી દિલ્હી સરકારની જેમ ફાજલ શિક્ષકોને રક્ષણ આપવાનો નિર્ણય કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ફાજલ શિક્ષકોને કાયમી રક્ષણ આપવાનો પ્રશ્ન લાંબા સમયથી પડતર છે તેમ છતાં આજ દિવસ સુધી આ પ્રશ્નના ઉકેલ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ પ્રયત્ન ન કરવામાં આવતો હોવાથી શિક્ષકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામે પાટીદારો દ્વારા અનામત આંદોલનને લઈ ચાલી રહેલ લડતને લઈ ચુંટણી બહિષ્કારના બેનર પાટીદાર સમાજ દ્વારા ગામના પ્રવેશ દ્વાર ઉપર લગાડવામાં આવ્યા હતા.

## કંપની સમાચાર

## રિઝવાન આડતિયા ફાઉન્ડેશન ભારતમાં સેવાની સુવાસ પ્રસરાવશે

આફ્રિકાના મોઝામ્બિક દેશમાં બિઝનેસનાં ઊંચા શિખર સર કરી દેશનું નામ રોશન કરનારા ગુજરાતી બિઝનેસમેન શ્રી રિઝવાન આડતિયા ભારતમાં સેવાની સુવાસ પ્રસરાવવા મિશન ૨૦૧૫-૩૦ દ્વારા ભારતમાં ગરીબ લોકોને સારો ખોરાક, શિક્ષણ, તબીબી સેવા અને રોજગારીની તકો પુરી પાડી તેમની વ્યક્તિગત અને સામાજિક પ્રગતિ સાધવામાં મદદરૂપ થવાનું છે.

શ્રી રિઝવાન આડતિયાએ ગુજરાતમાં પણ વિવિધ સેવાયજ્ઞોની યોજનાઓ હાથ કરી છે. તાજેતરમાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લઈને આવેલા શ્રી આડતિયાએ જૂનાગઢ જિલ્લામાં આવેલા માળિયા-હાટિના ગામને દત્તક લીધું છે.જેમાં તમામ સ્તરની જીવનધોરણ ઊંચુ લાવતી સુવિધાઓ પ્રસ્થાપિત કરવામાં આવશે.

શ્રી રિઝવાન આડતિયા દ્વારા સ્થાપિત રિઝવાન આડતિયા ફાઉન્ડેશન દ્વારા નક્કર સેવાયજ્ઞો આફ્રિકા ઉપરાંત ભારતમાં પણ ચાલી રહ્યા છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બિહારમાં પટણા, મુઝફ્ફરપુર, સમસ્તીપુર જેવા ક્ષેત્રોમાં વંચિત સમુદાયોમાં બાળવિકાસનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં ત્રણ વર્ષનાં ગાળામાં ૨૪૦૦ બાળકોને આવરી લેવામાં આવશે.

ગુજરાતનાં પોરબંદરમાં રિઝવાન આડતિયા ફાઉન્ડએશન દ્વારા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળનાં સહયોગમાં સેકન્ડરી અને સિનિયર સેકન્ડરી સ્તરે વિદ્યાર્થીનીઓમાં શિક્ષણનું સ્તર અને વિદ્યાર્થીનીઓ શાળાનું શિક્ષણ પૂર્ણ કરે તે માટે અસરકારક પ્રોત્સાહન આપવાનો સેવાયજ્ઞ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં ત્રણ વર્ષનાં ગાળામાં ૪૦૦ વિદ્યાર્થીનીઓને આવરી લેવામાં આવશે.

રિઝવાન આડતિયા ફાઉન્ડેશન દ્વારા ગુજરાતનાં જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓમાં મહિલા સશક્તિકરણનાં કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ રાજસ્થાનનાં ડુંગરપુર જિલ્લા સ્થિત પીપલ્સ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (પીઈડીઓ)નાં સહયોગમાં હાથ ધરવામાં આવ્યો છે.

## અતીતની આજ (૪ પાનાનું ચાલુ...)

સંસ્કૃતના શાળેય શિક્ષણની શરૂઆત અઘરા ગણાતા વ્યાકરણથી કરાવાતી હોવાને કારણે પ્રારંભથી જ વિદ્યાર્થી સંસ્કૃતથી દૂર ભાગે છે. 'રામઃ રામૌ રામાઃ' જેવી ગોખણપટ્ટીને બદલે રસાળ શૈલીમાં સંસ્કૃત ભણી શાળાથી જ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભણી પ્રેરિત કરાય અને સંસ્કૃત ભારતી જે રીતે સંભાષણના વર્ગો ચલાવે છે એ રીતે સંસ્કૃતના શિક્ષકો અને અધ્યાપકો નજર સામે પંડિત બિરાજદાર જેવાને આદર્શ તરીકે રાખીને સંસ્કૃત શીખવે તો એ બહુજન સમાજની લોકભાષા બની રહેવી અશક્ય નથી. પેશાવર પાસેના ગામ શલાતુરમાં ઈ.સ.પૂર્વે૫૦૦ની આસપાસ જન્મેલા અને પઠાણ પરિવારના પાણિનિએ સંસ્કૃતનું વ્યાકરણ તૈયાર કર્યું. તક્ષશિલા વિદ્યાપીઠમાં શિક્ષિત પાણિનિની ૨૫૦૦મી જ્યંતી મનાવવાનું ભારત ચુક્યું, પણ પાકિસ્તાનમાં એ જરૂર મનાવાયાનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક માધવ સદાશિવ ગોળવલકરે એક મુલાકાતમાં ભારપૂર્વક ઉલ્લેખ્યું હતું. ભારતમાં ઑગસ્ટ ૨૦૦૪માં ડૉ.મનમોહન સિંહની સરકારે પાણિનિની પાંચ રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી. જોકે સંસ્કૃત ભાષા અને પાણિનિને મુદ્દે રાજકીય ખેંચતાણ ના થવી ઘટે. સંસ્કૃતને માત્ર દેવભાષા ગણાવવાને બદલે લોકભાષા તરીકે પુનર્સ્થાપિત કરવાની માનવ સંસાધન પ્રધાન સ્મૃતિ ઈરાનીની પહેલને સમગ્ર રાષ્ટ્રે સમર્થન આપીને એને જીવંત અભિયાન બનાવી દેવાની જરૂર છે.




# લીંભોઈ ગામે થાળી-વેલણના વિદ્રોહ સાથે પાટીદારોએ ચૂંટણી બહિષ્કારના બોર્ડ લગાવ્યા

સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચુંટણી જાહેર થતાં જ રાજકીય પક્ષોના બોર્ડ ફરીથી લાગવાના શરૂ થઈ જતાં રાજકીય પાર્ટીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. મોડાસા તાલુકાના લીંભોઈ ગામે પાટીદાર સમાજની મહિલાઓએ ભેગા થઈ થાળી-વેલણ વગાડી રાજકીય નેતાઓનો વિરોધ કર્યો હતો અને પાટીદાર સમાજ દ્વારા ભાજપ-કોંગ્રેસ કે અન્ય પક્ષોના કાર્યકરો કે ભાવિ ઉમેદવારોએ ગામમાં પ્રવેશ કરવો નહી તેવા બેનર લગાવી દીધા હતા.

# સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પી.એચ.ડી. કરનારને યુજીસી શિષ્યવૃત્તિ મળશે નહીં

## ૮૦૦ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય : શિષ્યવૃત્તિને આગામી શૈક્ષણિક સત્રાથી બંધ કરી દેવાશે

અમદાવાદ,તા. ૨૫

સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પીએચડી અને એમફીલનો અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા પ્રતિમાસ આપવામાં આવતી શિષ્યવૃત્તિને આગામી નવા શૈક્ષણિક સત્રથી બંધ કરવામાં આવનાર છે જેના પગલે રાજયના ૮૦૦ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બને તેવી શક્યતા ઉભી થઈ છે જ્યારે યુજીસીના આ નિર્ણયનો સેન્ટ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ વિદ્યાર્થીઓમાં રીસર્ચ પ્રત્યે રુચી કેળવાય તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા એમફીલ અને પીએચડીમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પ્રતિમાસ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે જેના કારણે વિદ્યાર્થીઓમાં રિસર્ચ પ્રત્યે આકર્ષણ વધ્યું હોવાનું પણ નોંધવામાં આવ્યું છે ત્યારે રિસર્ચ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિને આગામી શૈક્ષણિક વર્ષથી બંધ કરી દેવાનો નિર્ણય યુજીસી દ્વારા લેવામાં આવ્યો છે જેના પગલે દેશભરમાં આવેલી કુલ ૪૬ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પીએચડી અને એમફીલનો અભ્યાસ કરતા અંદાજે ૯૦ હજાર વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બને તેવી શક્યતા સેવાઈ રહી છે જેમાં ગુજરાતના પણ ૮૦૦ વિદ્યાર્થીઓના સમાવેશ થાય છે.

યુજીસી દ્વારા હાલમાં પીએચડીના પ્રત્યેક વિદ્યાર્થીને પ્રતિમાસ આઠ હજાર અને એમફીલના વિદ્યાર્થીઓને પ્રતિમાસ પાંચ હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં નહીં આવે તો વર્તમાન મોંઘવારીના સમયમાં વિદ્યાર્થીઓ માટે રિસર્ચને લગતો અભ્યાસ કરવો આર્થિકરીતે મુશ્કેલ બની રહેશે.

એમાંય ગરીબ વિદ્યાર્થીઓ માટે તો પીએચડી કે એમફીલનો અભ્યાસ કરવો દિવાસ્વપ્ન સમાન બની જશે. ઉલ્લેખનીય છે કે, યુજીસી દ્વારા એક બાજુ વિદ્યાર્થીઓ વધુને વધુ રિસર્ચલક્ષી અભ્યાસ કરે તેવી વાતો કરવામાં આવી રહી છે જ્યારે બીજી બાજુ સંશોધન ક્ષેત્રે કાર્યરત વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ બંધ કરીને અન્યાય કરવામાં આવી રહ્યો છે. ત્યારે સંશોધન ક્ષેત્રને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ બંધ ન કરવા માટે પીએચડી અને એમફીલના વિદ્યાર્થીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

# પરીક્ષા પહેલા સીસીટીવીનું પ્રમાણપત્ર આપવું જ પડશે

## પ્રાયોગિક પરીક્ષાનું પણ વિડિયો રેકોર્ડિંગ : વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષા પહેલા શાળાઓ માટે કેટલીક શરતો રહેશે : બધી જરૂરી માહિતી આપવી પડશે

અમદાવાદ,તા. ૨૫

આગામી ૩૦મી ઓક્ટોબરથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. આ પરીક્ષા સંપૂર્ણપણે સીસીટીવી કેમેરાની બાજ નજર નીચે જ લેવામાં આવનાર છે ત્યારે પરીક્ષા શરૂ થાય તે પહેલા પરીક્ષા કેન્દ્ર ધરાવતી દરેક શાળાઓએ સીસીટીવી કેમેરા અંગેના સર્ટી ડીઈઓ ઓફિસમાં ફરજિયાતપણે રજૂ કરવા પડશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૩૦ ઓક્ટોબરથી વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષા લેવામાં આવનાર છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ પરીક્ષાની તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ની પરીક્ષાનો સમય બપોરના ૩ થી ૫.૩૦ કલાકનો રહેશે. તેવી જ રીતે સેમેસ્ટર-૩ની પરીક્ષાનો સમય સવારે ૧૦.૩૦થી ૧ કલાક વચ્ચેનો રહેશે. આ પરીક્ષા શરૂ-થાય તેના અડધા કલાક પહેલા વિદ્યાર્થીઓએ ફરજિયાત પણે પરીક્ષા કેન્દ્ર ખાતે પહોંચી જવાનું રહેશે. આ પરીક્ષા પણ બોર્ડની અન્ય પરીક્ષાઓની જેમ સંપૂર્ણપણે સીસીટીવી કેમેરાની બાજ નજર રાખવાની યોજના તૈયાર કરી દેવામાં આવી છે.

જે અંતર્ગત દરેક શાળાઓએ પરીક્ષા શરૂ થાય તે પહેલા સીસીટીવી અંગેના પ્રમાણપત્ર ડીઈઓ ઓફિસમાં જમા કરાવવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે ૧૫થી ૨૫ ઓક્ટોબર શાળા કક્ષાએ લેવામાં આવેલ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાનું પણ ફરજિયાત પણે રેકોર્ડિંગ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. રાજ્યની મોટાભાગની શાળાઓ પ્રાયોગીક પરીક્ષાઓ લીધા વિના જ વિદ્યાર્થીઓને માર્ક્સની લ્હાણી કરતી હોવાની ફરિયાદ શિક્ષણ બોર્ડને મળી હતી. જેના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અંતર્ગત પ્રાયોગિક પરીક્ષાનું વિડિયો રેકોર્ડિંગ બોર્ડને મોકલી આપવાનું રહેશે જેની ચકાસણીમાં જો કોઈ શાળા પ્રાયોગિક પરીક્ષામાં લાપરવાહી દાખવતી નજરે પડશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

# ચૂંટણીમાં લાઉડ સ્પીકરના ઉપયોગ પર ઘણા નિયંત્રણ

## ચૂંટણી પ્રચાર માટે વાહનો માટે પણ શરતો લાગૂ : નગરપાલિકા, જિલ્લા તથા તાલુકા પંચાયતની પેટા ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર થયા બાદ નવા નિયંત્રણ અમલી બન્યા

અમદાવાદ,તા. ૨૫

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ જિલ્લા મેજિસ્ટ્રટ તરફથી ચૂંટણી પ્રચાર માટેના વાહનો તથા લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકાયા છે. ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નગરપાલિકા, જિલ્લા, તાલુકા પંચાયતોની સામાન્ય-પેટાચૂંટણીઓ ૨૦૧૫ના જાહેર થયેલા ચૂંટણી કાર્યક્રમ અન્વયે



ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો દ્વારા ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે વાહનો તથા લાઉડ સ્પીકરના મોટા પાયે કરાતા ઉપયોગ પર જિલ્લા મેજિસ્ટ્રેટ સંદીપકુમાર સાગલેએ તેમને મળેલી સત્તાની રુએ એક જાહેરનામા દ્વારા નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ૨૩મી ઓક્ટોબર ૨૦૧૫થી બીજી ડિસેમ્બર ૨૦૧૫ સુધી કેટલાક નિયંત્રણોના અમલ માટે હુમક કર્યો છે. તદનુસાર ચૂંટણી જાહેરાતની તારીખથી શરૂ થતાં તથા પરિણામ આવતા સુધીના સમય દરમિયાન નગરપાલિકા, જિલ્લા, તાલુકા પંચાયતોની સામાન્ય-પેટાચૂંટણી ૨૦૧૫ની ચૂંટણી લડતા ઉમેદવારો લાઉડ સ્પીકરનો ઉપોયગ સવારના ૮ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી જ કરવા દેવામાં આવશે. કોઈપણ વિસ્તારમાં આવનાર ૬ કલાક પહેલા અને રાત્રિના ૧૦ કલાક પછી ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ કરવાની પરવાનગી આપી શકાશે નહીં.

કોઈપણ જાહેર સભાના કે સરઘસના હેતુસર ઉક્ત લોકો પછી ખાસ સ્થળ પર રખાયેલ ઉપયોગ કરવાનો હોય તો તેના માટે સક્ષમ અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. જાહેર સભા માટે પરવાનગી આપતી વખતે સંબંધિત સરકારી અધિકારીએ પોલીસ અભિપ્રાય મેળવીખાતરી કરવાની રહેશે કે પરવાનગીને લીધે જાહેર શાંતિને ખલેલ પહોંચતી નથી. સામાન્ય પ્રચાર માટે અથવા જાહેરસભા કે સરઘસના ઉપયોગમાં લેવાયેલ અને ફરતા વાહનો ઉપર કે અન્યથા ઉપયોગમાં લેવાયેલ તમામ લાઉડ સ્પીકરોનો ઉપયોગ નક્કી કરેલ કલાકોના મર્યાદિત સમય માટે કરવો. કોઈપણ સંજોગોમાં તે સિવાયના સમયે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં. ઉપર નિયત કરેલ સમય સિવાય અથવા સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી વગર ઉપોયગમાં લેવાયેલ કોઈપણ લાઉડ સ્પીકર, લાઉડ સ્પીકરના ઉપયોગ સાથે તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

સક્ષમ અધિકારી દ્વારા વાહન ઉપર ગોઠવાયેલા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી પત્ર આપવામાં આવે તેમાં નિયત સ્થળે ગોઠવવામાં આળેલ કોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા માટે આવી પરવાનગી મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકે તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી થવા નોડલ અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારીને તેમના દ્વાર્ મેળવેલ પરવાનગીની લેખિત જાણ કરવાની રહેશે.



સાબરમતી નદી વિસ્તારમાં ગંદકીના કારણે રોગચાળાની દહેશત વધી ગઈ છે.

# રક્તદાન-થેલેસેમિયા નિદાન કેમ્પનું આયોજન

અમદાવાદ,તા. ૨૫

કર્ણાવતી મહાનગર મીડિયા સેલની એક અખબાર યાદીમાં જણાવ્યા આનુસાર તાજેતરમાં ૨૨ ઓક્ટોબરના રોજ ઉજવાયેલ ભાજપા સંગઠનના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના જન્મદિન નિમિત્તે શહેર સંગટનના કાર્યકરો દ્વારા સમાજ ઉપયોગી રચનાત્મક કાર્ય કરવાના હેતુસર આજરોજ શહેરના નારણપુરા વોર્ડ, સ્ટેડિયમ વોર્ડ તથા નવા વાડજ વોર્ડ ખાતે રક્તદાન શિબિરનું અને થેલેસેમિયા નિદાનના કેમ્પનું આયોજન કરાયું હતું. પ્રજા કલ્યાણનો પર્યાય બની ચુકેલી ભારતીય જનતા પાર્ટી દ્વારા સમાજમાં ઉત્તમ ઉદાહરણ પુરુ પાડવાના ભાગરુપે શહેર પ્રભારી આઈકે જાડેજા તેમજ શહેર પ્રમુખ રાકેશભાઈ શાહે પણ રક્તદાન કરીને કાર્યકરોને આ પ્રજાકલ્યાણ કાર્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કેમ્પમાં ૨૨૩ યુનિટ જેટલું રક્તદાન એકત્રિત થયું છે જેનો ઉપયોગ જરૂરિયાતમંદ લોકોની સવાર માટે કરાશે. આ સમાજપયોગી રચનાત્મક કાર્યમાં પ્રદેશ કોષાધ્યક્ષ સુરેન્દ્રકાકા, શહેર પ્રભારી આઈ. કે જાડેજા, શહેર પ્રમુખ રાકેશભાઈ શાહ, શહેર મહામંત્રી ભુપેન્દ્રભાઈ શાહ, કોર્પોરેટર, શહેર સંગઠનના પદાધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં કાર્યકરો તેમજ પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કરોડો અટવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટાભાગની જગ્યાઓ હાલ ખાલી છે. જયારે ચાર્જમાં ચાલતા તંત્રમાં વહિવટ ખાડે ગયો છે. જેના પરિણામે કામગીરી ઉપર પણ વિપરિત અસર થવા પામી છે. આવા સંજોગોમાં પ્રજાની સમસ્યા સાંભળવામાં પણ કોઈને રસ નથી. મેનપાવરના ભારોભાર અભાવ વચ્ચે લાંબા સમયથી જવાબદાર એજન્સીને બીલો ન ચુકવાતા આવાસોના મજબુતીકરણ સહિત મેઈન્ટેન્સના કામો પણ ઠપ્પ થઈ ગયા છે. એજન્સીને સમયે પૈસા ન ચુકવાતા કોન્ટ્રાકટરો પણ પ્રજાલક્ષી કામોમાં નિરસતા સેવી રહયા છે. માર્ગ મકાન વિભાગના સચિવ કક્ષાએ પણ બીલોની ચુકવણી કરવા રજુઆત કરવામાં આવી છે.

## પ્રચાર માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસે બધા રજાના મૂડમાં હોય છે એટલે મતદાન ઓછુ થાય તો નવાઈ નહિ.

પંચે આમ તો નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા માટે ત્રણ અલગ અલગ આચારસંહિતાઓ પણ જારી કરી દીધી છે. જેમાં શાસકપક્ષ અને રાજકીય પક્ષો માટે અલગ વહીવટીતંત્ર માટે અલગ અને પોલીસ તંત્ર માટે અલગ-અલગ આચાર સંહિતાનો અમલ શરૂ કરી દીધો છે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનો સંપૂર્ણ તખ્તો આમ તો તૈયાર થઈ ચુક્યો છે. તંત્ર પણ હવે આ દિશામાં સક્રિય રીતે ઓતપ્રોત ધીમી ગતિએ થઈ રહેલ છે. જોકે હજુ જાહેરનામુ પ્રસિદ્ધ થવાની આડે એક સપ્તાહ જેટલો સમય છે અને તંત્ર પછી સંપૂર્ણ રીતે ઈલેક્શન મોડમાં આવી જશે.

## મહાગઠબંધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેલાડીઓ મોદી મોદી કરી રહ્યા છે. બિહારમાંથી યુવા લોકોની હિઝરત ચિંતાજનક છે. બિહારના લોકોને બહારના લોકો બનાવી દેનાર લોકો કોણ છે. જે લોકો તેમને બહારના વ્યક્તિ હોવાની વાતકરી રહ્યા છે તે લોકોને પ્રશ્ન પુછવામાં આવ્યો છે. બિહારના યુવાનોને બહારના લોકો કોણે બનાવ્યા છે.

સૌથી મોટા લોકતાંત્રિક નીતીશ બાબુ, દેશના સૌથી મોટા તાંત્રિક લાલૂ યાદવને બિહારના લોકો પ્રશ્ન કરે છે કે, તેમને બહારના લોકો બનાવનાર કોણ છે. ૨૫ વર્ષથી બિહારની સમગ્ર પેઢી બહાર જઈ રહી છે. તેમનો એક જ મંત્ર છે વિકાસોનો. દરેક બિમારીની એક જ દાવે છે વિકાસ. મોદીએ છપરામાં ચૂંટણી રેલી દરમિયાન ભોજપુરી ભાષામાં પણ વાત કરી હતી. મોદીએ આજે જુદા જુદા વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરીને માહોલને ફરી એકવાર ગરમ બનાવ્યો હતો. મોદીએ લાલૂ અને નીતીશના એજન્ડા સામે લોકોને સાવધાન રહેવા કહ્યું હતું. ૧૮મી સદીની વિચારધારા સાથે આ લોકો આગળ વધી રહ્યા છે. આરજેડી વડા તાંત્રિક વિવાદ અને મુદ્દા ઉઠાવી રહ્યા છે જેથી આરજેડી વડા રાષ્ટ્રીય જાદુ ટોના પાર્ટી પોતાની પાર્ટીનું નામ મુકે તેવી ટકોર પણ મોદીએ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, તેમનો છ મુદ્દાનો મુખ્ય કાર્યક્રમ છે. મોદીએ આજે એક પછી એક નાલંદા, છપરા, પટણાની આસપાસના વિસ્તારોમાં રેલી યોજી હતી. મોદીએ બિહારના મરહોરા, હાજીપુર, નાલંદા અને સોનામાં બેઠક કરી હતી. નાલંદામાં પણ આક્રમક રેલી યોજી હતી. નીતીશ અને લાલૂ તથા સોનિયા ગાંધી ઉપર તમામ જગ્યાઓએ આકરા પ્રહારોનો મારો ચલાવ્યો હતો. મોદીએ કહ્યું હતું કે, દેશને કોઈ તાંત્રિકની જરૂર નથી. લોકશાહી જ બિહારને અને તેના લોકોને બચાવી શકશે.